ક્રમાંક: ગુજકા/વ્યવસાય વેરો/૧૫-૧૬/જા.૧૬૯

વાણિજ્યિક વેરા કમિશનરની કચેરી,
(કાયદાશાખા)
ગુજરાત રાજ્ય,
એ/૫, રાજ્ય કર ભવન,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
તારીખ : ૮ / ૬ / ૨૦૧૫

ગુજરાત વાણિજ્યિક વેરા
Gujarat Commercial Tax

# ખાતાકીય પરિપત્ર

વિષય:વ્યવસાય વેરા કાયદા હેઠળ નવા રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ તથા એનરોલમેન્ટ સર્ટિફિકેટ આપવા બાબત

ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ નોટીફાઇડ એરીયામાં અનુસૂચિ-૧ ની નોંધ-૧ હેઠળના તમામ વર્ગોના કિસ્સામાં રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ તથા એનરોલમેન્ટ સર્ટિફિકેટ તથા સમગ્ર રાજયમાં અનુસૂચિ-૧ ની નોંધ-૧(ક) હેઠળના તમામ વર્ગોના કિસ્સામાં રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ વાણિજ્યિક વેરા ખાતા દ્વારા આપવાના થાય છે. તે માટે ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા નિયમો, ૧૯૭૭ ના નિયમ-3 હેઠળ અરજદાર દ્વારા સંપૂર્ણ વિગતો અને જરૂરી પુરાવાઓ સાથે અરજી કરવામાં આવે છે. જેની ચકાસણી અને ખરાઇ બાદ સબંધિત અધિકારી દ્વારા રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ અથવા એનરોલમેન્ટ સર્ટિફિકેટ આપવામાં આવે છે.

રાજયના વેપારી વર્ગની સરળતા માટે તેમજ રજીસ્ટ્રેશન તથા એનરોલમેન્ટ પ્રક્રિયા વધુ પારદર્શી બને તે માટે રજીસ્ટ્રેશન અને એનરોલમેન્ટ

માટેના નિયમ-૩ અને નિયમ-૪ હેઠળની તમામ જરૂરીયાતોના સબંધમાં અરજી સંપૂર્ણ (અરજી સાથે મળેલ જરૂરી પુરાવાઓની ખરાઇ સહિત) જણાયેથી કામકાજના ૨૪ કલાકની અંદર રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર અથવા એનરોલમેન્ટ પ્રમાણપત્ર ઇસ્યુ કરવાના રહેશે.

આ પરિપત્રની સબંધિત સર્વે અધિકારીઓએ નોંધ લઇ આપેલ સૂચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સહી/-
(પી.ડી.વાઘેલા)
વાણિજ્યિક વેરા કમિશનર
ગુજરાત રાજ્ય, અમદાવાદ

**નકલ સવિનય રવાના : (માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી સારૂ)**

૧. નાયબ સચિવશ્રી (કર) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
૨. વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, અમદાવાદને
૩. ખાસ વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, અમદાવાદને
૪. અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી, અમદાવાદને
૫. સઘળા અધિક / સંયુકત વાણિજ્યિક વેરા કમિશનરશ્રી તરફ
૬. સઘળા નાયબ વાણિજ્યિક વેરા કમિશનરશ્રી તરફ
૭. સઘળી વાણિજ્યિક વેરા કચેરી તરફ
૮. દસ નકલ મહામાત્ર તાલીમ શાળાને
૯. દસ નકલ દફતર શાખાને
૧૦. દસ નકલ જન સંપર્ક શાખાને
૧૧.આ કચેરીની સઘળી શાખાઓને
૧૨.એકાઉન્ટ જનરલ અમદાવાદ તરફ

( એચ.ડી.રૂપારેલ )
સંયુકત વાણિજ્યિક વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજ્ય, અમદાવાદ